Subject : વિજ્ઞાન
Standard : ધોરણ 8
Chapter : 9
Name : ______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
# તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 1 Hour
Date : 22/05/2020
Marks : 50
Roll No. : ___________

---

## SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** (Marks - 05)

1. કલિકાસર્જન પદ્ધતિથી અલિંગી પ્રજનન કરતું એકકોષી સજીવ કર્યું છે?
   A. અમીબા B. પેરામીશિયમ C. બેક્ટેરિયા D. યીસ્ટ
2. કાયાંતરણ દર્શાવતા પ્રાણી ...
   A. અમીબા, હાઇડ્રા B. મરઘી, મનુષ્ય C. દેડકો, રેશમના કીડા D. કૂતરો, બિલાડી
3. કીટકોમાં કયું કીટક જીવતી બાળસંતતિને જન્મ આપે છે?
   A. મચ્છર B. વંદો C. પતંગિયું D. માખી
4. અપત્યપ્રસવી પ્રાણીનાં ઉદાહરણ શોધો.
   A. દેડકો, મરઘી, કાગડો
   B. પતંગિયું, કૂંદુ, રેશમના કીડા
   C. ગરોળી, પતંગિયું, માછલી
   D. ગાય, કૂતરા, બિલાડી
5. અમીબામાં દ્વિભાજન ક્રિયામાં જોવા મળતી ઘટનાનો સાચો ક્રમ ક્યો છે?
   A. કોષરસ વિભાજન -> કોષકેન્દ્ર વિભાજન -> બે બાળ અમીબા
   B. કોષકેન્દ્ર વિભાજન -> કોષરસ વિભાજન ->બે બાળ અમીબા
   C. કોષકેન્દ્ર વિભાજન -> બે બાળ અમીબા -> કોષરસ વિભાજન
   D. કોષરસ વિભાજન -> બે બાળ અમીબા -> કોષકેન્દ્ર વિભાજન

**➽ ખાલી જગ્યા પૂરો** (Marks - 05)

1. ........................ નું સાતત્ય પ્રજનન ક્રિયા વડે જળવાય છે.
2. દેડકાના શુક્રકોષો ........................ની મદદથી પાણીમાં તર્યા કરે છે.
3. હાઇડ્રાના શરીર પર જોવા મળતી એક કે વધુ ઊપસેલી રચનાને.......................... કહે છે.
4. ઈનવિટ્રો ફર્ટિલાઇઝેશનમાં જો ફલન થાય તો યુગ્મનજને ............અઠવાડિયા સુધી વિકસિત થવા દેવામાં આવે છે.
5. માછલી અને દેડકો એકસાથે ............ ઈંડા મૂકે છે.

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** (Marks - 05)

1. અંડપ્રસવી પ્રાણીઓ બચ્ચાને જન્મ આપે છે.
2. ફલન બાદ મૂકવામાં આવતું ઈંડું એકકોષીય રચના છે.
3. ભ્રૂણ એક જ કોષનો બનેલ હોય છે.
4. માછલી અને તારામાછલી જેવાં જલીય પ્રાણીઓ અંતઃફલન દર્શાવે છે.
5. ડોલી ઘેટીનું મૃત્યુ યકૃતના રોગને કારણે થયું.

**➽ જોડકા જોડો** (Marks - 14)

BHAVDIP VADHER (E-LEARNING)

1. જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | યીસ્ટ. | (a) પૂંછડી |
| 2. | શુક્રકોષ | (b) કલિકાસર્જન |
| 3. | ટેડ પોલ. | (c) કલિકા |
| 4. | હાઇડ્રા. | (d) નર પ્રજનન અંગ |
| 5. | અંડવાહિની | (e) દેડકો |
| 6. | શુક્રપિંડ | (f) માદા પ્રજનન અંગ |

2. જોડકા જોડો.

| | | |
|---|---|---|
| 1. | બાહ્યફલન. | (a) અમીબા |
| 2. | દ્વિભાજન. | (b) IVF |
| 3. | પ્યુપા | (c) માછલી |
| 4. | કાયાંતરણ. | (d) રેશમનો કીડો |
| 5. | અંતઃફલન | (e) ટેડપોલ દેડકો |
| 6. | ટેસ્ટટ્યૂબ બેબી | (f) મનુષ્ય |

3. યોગ્ય જોડકાં બનાવો :

| | | |
|---|---|---|
| 1. | હાઇડ્રા | (a) અંતઃફલન |
| 2. | અમીબા | (b) કાયાંતરણ |
| 3. | મરઘી | (c) કલિકાસર્જન |
| 4. | દેડકો | (d) દ્વિભાજન |

4. યોગ્ય જોડકાં બનાવો :

| | | |
|---|---|---|
| 1. | શુક્રકોષ. | (a) શરીરની બહાર ફલન |
| 2. | અંડકોષ. | (b) નવા સજીવનો પ્રારંભ |
| 3. | યુગ્મનજ | (c) લાખોની સંખ્યામાં |
| 4. | ટેસ્ટટ્યૂબ બેબી | (d) પ્રતિ માસ એક |

5. યોગ્ય જોડકાં બનાવો :

| | | |
|---|---|---|
| 1. | મનુષ્ય | (a) એક જ માતૃસ્રોત |
| 2. | મરઘી | (b) અંતઃફલન, અપત્યપ્રસવી |
| 3. | ડોલી | (c) બાહ્ય ફલન, બાહ્ય વિકાસ |
| 4. | દેડકો | (d) અંત:ફલન, અંડપ્રસવી |

6. યોગ્ય જોડકાં બનાવો :

| | | |
|---|---|---|
| 1. | શુક્રપિંડ. | (a) ફલન |
| 2. | અંડપિંડ | (b) શિશુનો વિકાસ |
| 3. | ગર્ભાશય | (c) અંડપાત |
| 4. | અંડવાહિની | (d) નર પ્રજનન અંગ |

➽ તફાવત આપો (Marks - 02)

1. અલિંગી પ્રજનન અને લિંગી પ્રજનન વચ્ચેના ત્રણ તફાવત જણાવો.

## SECTION - B

➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો (Marks - 15)

1. કયા પ્રજનનમાં સંતતિ તેના પિતૃ સાથે ભિન્નતા દર્શાવે છે?

BHAVDIP VADHER (E-LEARNING)

2. દેડકામાં કયા પ્રકારનું ફલન જોવા મળે છે?
3. મરઘીમાં ઈંડાની ફરતે સખત ક્વચ કયા અંગમાં નિર્માણ પામે છે?
4. વંધ્યત્વની સારવાર માટે વિકસેલી કૃત્રિમ પ્રજનન પદ્ધતિ કઈ છે?
5. કોનાં ઈંડાંઓ કોમળ અને જેલીપડથી જોડાયેલાં હોય છે ?
6. ડોલીના નિર્માણ માટે કયા માતૃ પ્રાણીનો અંડકોષ ઉપયોગમાં લીધો હોવા છતાં તેનું કોઈ લક્ષણ પ્રદર્શિત ન હતું?
7. યીસ્ટ અને હાઇડ્રામાં કઈ અલિંગી પ્રજનન પદ્ધતિ સામાન્ય છે ?
8. યુગ્મનજનું નિર્માણ કેવી રીતે થાય છે ?
9. નવી સંતતિમાં માતૃ અને પિતૃ પેઢીનાં લક્ષણો કયા કોષો વડે આનુવંશિક થાય છે?
10. લિંગી પ્રજનનમાં કયા કોષથી નવા સજીવ જીવનનો પ્રારંભ થાય છે ?
11. કયાં પ્રાણીઓના અંડકોષ મોટા હોય છે?
12. કયાં પ્રાણીઓમાં અંતઃફલન થાય છે?
13. અપત્યપ્રસવી પ્રાણીનાં ઉદાહરણ આપો.
14. ઈંડાં મૂકતાં પ્રાણીઓને શું કહે છે?
15. રેશમના કીડાના જીવનચક્રની અવસ્થાના ક્રમ જણાવો.

**➽ નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો** **(Marks - 04)**

1. પ્રયોગ : સૂક્ષ્મદર્શક યંત્રમાં હાઇડ્રાની કાયમી આસ્થાપનનું અવલોકન કરવું.

## Best Of Luck

BHAVDIP VADHER (E-LEARNING)

Subject : વિજ્ઞાન
Standard : ધોરણ 8
Chapter : 9

# ANSWERS

Exam Time : 1 Hour
Date : 22/05/2020
Marks : 50

---

## SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** (Marks - 05)

1. યીસ્ટ
2. દેડકો, રેશમના કીડા
3. વંદો
4. ગાય, કૂતરા, બિલાડી
5. કોષકેન્દ્ર વિભાજન -> કોષરસ વિભાજન ->બે બાળ અમીબા

**➽ ખાલી જગ્યા પૂરો** (Marks - 05)

1. જાતિ
2. પુંછડી
3. કલિકા
4. એક
5. અસંખ્ય

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** (Marks - 05)

1. ખોટું (False)
2. ખરું (True)
3. ખોટું (False)
4. ખોટું (False)
5. ખોટું (False)

**➽ જોડકા જોડો** (Marks - 14)

1. (1 – b), (2 - a), (3 - e), (4 - C), (5 –f),(6- d).
2. (1 - C), (2 - a), (3 - d), (4 - e), (5 - f),(6- b).
3. (1) > (c), (2) >(d), (3) > (a), (4) > (b).
4. (1) > (c), (2) > (d), (3) > (b), (4) > (a).
5. (1) >(b), (2) □ (d), (3) □ (a), (4) >(c).
6. (1) > (d), (2) > (c), (3) > (b), (4) > (a).

**➽ તફાવત આપો** (Marks - 02)

1.

| અલિંગી પ્રજનન | લિંગી પ્રજનન |
|---|---|
| 1. પ્રજનનનાં જે પ્રકારમાં એક જ પિતૃ ભાગ લે તેને અલિંગી પ્રજનન કહે છે. | નરજન્યું અને માદાજબ્યુનાં જોડાણ દ્વારા થતાં પ્રજનનને લિંગી પ્રજનન કહે છે. |
| 2. નવો સજીવ જે ઉદ્ભવે છે છે તે એકકોષીય છે. | લિગી પ્રજનનની પદ્ધતિથી નર અને માદા જન્યુઓનું જોડાણ થાય છે. જેના જોડાણથી યુગ્મનજ બને છે |
| 3. અમીબા એ અલિંગી પ્રજનનનું ઉદાહરશ્ન છે. | મનુષ્ય, માછલીઓ વગેરે લિગી પ્રજનનોનાં ઉદાહરણ છે |

## SECTION - B

BHAVDIP VADHER (E-LEARNING)

**➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** (Marks - 15)

1. લિંગી પ્રજનન
2. બાહ્ય ફલન
3. અંડવાહિની
4. IVF (ઇન વિટ્રો ફર્ટિલાઇઝેશન)
5. દેડકા
6. સ્કોટિશ બ્લેક ફેસ ઈવ
7. કલિકાસર્જન
8. યુગ્મનજનું નિર્માણ નરજન્યુ અને માદાજન્યુ (પ્રજનનકોષો)ના જોડાણથી થાય છે.
9. નવી સંતતિમાં માતૃ અને પિતૃ પેઢીનાં લક્ષણો અનુક્રમે અંડકોષ અને શુક્રકોષ વડે આનુવંશિક થાય છે.
10. લિંગી પ્રજનનમાં યુગ્મનજ(ફલિતાંડ)થી નવા સજીવ જીવનનો પ્રારંભ થાય છે.
11. મરઘી અને શાહમૃગ પ્રાણીના અંડકોષ મોટા હોય છે.
12. મનુષ્ય, ગાય, કૂતરા, મરઘી વગેરે ઘણાં પ્રાણીઓમાં અંતઃફલન થાય છે.
13. અપત્યપ્રસવી પ્રાણી મનુષ્ય, ગાય અને કૂતરા છે.
14. ઈંડાં મૂકતાં પ્રાણીઓને અંડપ્રસવી કહે છે.
15. રેશમના કીડાના જીવનચક્રની અવસ્થાના ક્રમ નીચે મુજબ છે : ઈંડાં -> ઇયળ -> પ્યુપા -> પુખ્ત.

**➽ નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો** (Marks - 04)

1. સાધન-સામગ્રી : સૂક્ષ્મદર્શક યંત્ર, હાઇડ્રાની કાયમી સ્લાઇડ.



આકૃતિ 9.11 : હાઈડ્રામાં કલિકાસર્જન

પદ્ધતિ : (1) શાળાની જીવવિજ્ઞાન પ્રયોગશાળામાં તમારા વિષયશિક્ષક સાથે જાઓ. (2) પ્રયોગશાળામાં હાઇડ્રાના કાયમી આસ્થાપનનું સુક્ષમદર્શક યંત્રમાં અવલોકન કરો. (3) હાઇડ્રાના અવલોકનમાં શરીર સપાટી પર ઊપસેલી સંરચનાઓનું અવલોકન કરી, તેની સંખ્યાની ગણતરી કરો. (4) અવલોકનના આધારે હાઇડ્રાની આકૃતિ દોરો.
અવલોકન : હાઇડ્રાની શરીર સપાટી પર ઊપસેલી સંરચનાની સંખ્યા 2 છે. તેનું કદ નાના કોષસમૂહ જેટલું છે.
નિર્ણય : આ ઊપસેલી સંરચના કલિકા છે. તેનું કાર્ય નવા બાળ હાઇ ડાનું નિમાર્ણ કરવાનું છે.

BHAVDIP VADHER (E-LEARNING)